## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આવુ ન ચાલે, ગયા મહિને હેલ્મેટ વગર પકડશે કરીને રજા પાડી... હવે, મહા વાવાઝોડાના નામે ઘરે બેસી રહેશો...!!!

# છેલ્લા છ માસમાં ભાજપ અગ્રણીના બેંક ખાતામાંથી ૭.૭૮ લાખ છુમંતર..!!

**સમયાંતરે ટુકડે ટુકડે નાણાં ઉપડી ગયા અને એસએમએસ પણ ના મળતા ખાતેદારને ભનક પણ ના લાગી : છ મહિને પાસબુક ભરાવતા સાઈબર ક્રાઈમનો ભોગ બન્યાની ખબર પડી**

ગાંધીનગર, તા. ૬

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિજીટલ ઈન્ડિયા અભિયાન અંતર્ગત દેશના સમગ્ર અર્થતંત્રને કેશલેશ ઈકોનોમી બનાવવાનું સ્વપ્ન સેવ્યું છે. દેશમાં અનેક નાગરીકો મોબાઈલ બેકીંગ, નેટ બેંકીંગ, ડીજીટલ પેમેન્ટ, ઓનલાઈન મની ટ્રાન્સફર જેવી સુવિધાઓનો ઉપયોગ કરતા થઈ ગયા છે. પરંતુ બીજી તરફ સાઈબર ફ્રોડના કિસ્સા પણ દિન-પ્રતિદિન વધતા જઈ રહ્યા છે. અને બેંક ખાતા ધારકોના ખાતામાં પડેલા નાણાં ક્યારે કોઈ સાઈબર ગઠીયો ઉડન છુ કરી જાય તેની કોઈ ગેરંટી રહી નથી. ત્યારે ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામે રહેતા અને ભાજપના અગ્રણીના વાવોલ એસ.બી.આઈ. બેંકના એકાઉન્ટમાંથી છ માસના ટુંકા ગાળામાં રૂ. ૭,૭૮,૦૦૦ ઈ-ટ્રાન્ઝેક્શનથી ઉપડી ગયા છે. ભાજપ અગ્રણીએ આ અંગે બેંકમાં પુછપરછ કરતા યોગ્ય પ્રત્યુત્તર મળ્યો ન હતો. બનાવ અંગે અરજદારે રાજ્યના ગૃહમંત્રી, ડી.જી.પી., ગાંધીનગર એસ.પી. અને સાઈબર ક્રાઈમમાં અરજી કરી સત્વરે યોગ્ય કરવા રજુઆત કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ વાવોલ કેશવપાર્ક સોસાયટી પ્લોટ નં. ૧૭ ખાતે રહેતા ભાજપ અગ્રણી શૈલેષકુમાર વિઠ્ઠલભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે અને શૈલેષાઈ પટેલ વેપારીક્ષેત્રે અગ્રણી છે. વાવોલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ખાતે તેઓનું એકાઉન્ટ આવેલુ છે. એસએમએસનો ચાર્જ બેંક દ્વારા એકાઉન્ટધારક પાસેથી વસુલવામાં આવે છે. ત્યારે અરજદારના એકાઉન્ટમાંથી તા. ૨૮ એપ્રિલ થી ૩૧મી ઓક્ટોબર સુધીમાં રૂ. ૭.૭૮ લાખ ઉપડી ગયા છે. પાસબુકમાં એન્ટ્રી પડાવતા આ રૂપિયા ઉપડી ગયાની જાણ અરજદારને થઈ હતી. અરજદારના એકાઉન્ટમાંથી રોજના રૂ. બે હજારના દિવસમાં એકથી વધુ વાર ઈ-ટ્રાન્જેક્શન થયા છે. અરજદાર સાઈબર ક્રાઈમનો ભોગ બનતા બેંકનો સંપર્ક કરતા બેંક અધિકારી-કર્મચારીઓ દ્વારા સંતોષપૂર્વક જવાબ મળ્યો નથી અને કર્મચારીઓના ઉદ્ધતાઈપૂર્વક જવાબ સાંભળવવા મળ્યા છે તેઓ આક્ષેપ અરજદારે કર્યો છે.

હાલ તો પોતાના બેંક એકાઉન્ટમાંથી આટલી મોટી માત્રામાં રૂપિયા અચાનક ઈ-ટ્રાન્ઝેક્શનથી ઉપડી જતા અરજદાર પોતાના રૂપિયા પરત આવે તે માટે રાજ્યના ગૃહમંત્રી, ડીજીપી, શહેરના એસ.પી. અને સાઈબર ક્રાઈમમાં અરજી કરી સત્વરે ન્યાય મળી રહે તે અંગે રજુઆત કરી છે.

# ગાંધીનગરને ડેન્ગ્યુગ્રસ્ત શહેર જાહેર કરો : અંકિત બારોટ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં વકરતા જતા વાહકજન્ય રોગચાળાને ધ્યાને રાખી તાત્કાલિક ડેનગ્યુ ગ્રસ્ત શહેર જાહેર કરવામાં આવે અને હેલ્થ ઈમરજન્સી અંતર્ગત પગલાં ભરવામાં આવે તેવી માંગ કોંગી કાઉન્સીલર અંકિત બારોટે કરી છે.

બારોટે મ્યુનિ. કમિશનરશ્રીને લખેલા એક પત્રમાં જણાવ્યું છે કે જાહેરમાં ફોગીંગ કરવામાં આવે તેટલું જ નહિ તેમના વોર્ડમાં દર દસ ઘરમાંથી એક ઘરમાં ડેનગ્યુના દર્દી છે. શહેરમાં પણ ડેનગ્યુના કારણે ૩ વ્યકિતના મોત થયા છે તે ખુબ જ દુઃખદ છે.

તેમણે આ પત્રમાં તંત્ર સમક્ષ વારંવારની રજુઆતો પછી પણ કોઈ અસરકારક કામગીરી કરવામાં આવતી ન હોવા અંગે નારાજગી વ્યકત કરી અને તાત્કાલિક ઉદઘાટનો સહિતના અન્ય કાર્યક્રમો રદ કરી પ્રજાભિમુખ પગલાં લેવા માંગ કરી છે.

શહેરમાં ડેનગ્યુના ૪૦૦થી વધુ કેસ નોંધાયા છે ત્યારે શહેરને ડેનગ્યુ ગ્રસ્ત વિસ્તાર જાહેર કરવો જોઈએ તેવી બારોટની માંગણીના સમર્થનમાં તેમણે આક્ષેપ પણ કર્યો છે કે તંત્ર પાસે રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે કોઈ જ પ્રકારનો એકશન પ્લાન હોય તે દેખાતું નથી.

તેમણે અર્થવિહીન ખર્ચા બંધ કરી જાહેર ફોગીંગ માટે એક રીક્ષા ચલાવવામાં આવે તેવી પણ માંગ કરી છે. શહેરમાં ડેનગ્યુનો કહેર સતત વધી રહ્યો છે ત્યારે તંત્ર એકદમ નકકર કાર્યવાહી કરે તેવો આગ્રહ તેમણે કર્યો છે.



દોલારાણા વાસણા ખાતે યોજાયેલ સેવાસેતુના કાર્યક્રમમાં ગાંધીનગર (દ)ના ધારાસભ્ય અને વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે ખાસ હાજરી આપી હતી. તેમણે વિવિધ સેવાઓના લાભાર્થીઓને લાભના જરૂરી હુકમો પણ આપ્યા હતા.

# રાષ્ટ્ર સેવિકા સમિતના પ્રશિક્ષણ વર્ગ સાથે મહિલાઓ રાષ્ટ્ર સેવાકાર્ય કાજે સજ્જ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સેક્ટર-૩માં તા. ૧લી નવેમ્બરથી તા. ૬ઠ્ઠી નવેમ્બર દરમ્યાન રાષ્ટ્રસેવિકા સમિતિના પ્રારંભિક પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. યોજાયેલા પ્રારંભિક પ્રશિક્ષણ વર્ગમાં બે જિલ્લાના ૭ સ્થાનોએથી મહિલાઓ પ્રશિક્ષણ મેળવવા પધારી હતી. આ મહિલાઓને સમિતિના કાર્યવાહિકા વિજયાબેન પટેલ તથા અન્ય શિક્ષિકાઓ દ્વારા



આ વર્ગમાં મહિલાઓએ સતત પાંચ દિવસ સુધી તાલીમ મેળવી પોતાની શારિરિક અને બૌદ્ધિક ક્ષમતા કેળવવા સાથે રાષ્ટ્ર માટે સતત કાર્ય કરવા પ્રતિબદ્ધતા દાખવી હતી.

ભારતની મહિલાઓમાં છેલ્લા ૮૪ વર્ષથી આત્મવિશ્વાસ જગાડી રાષ્ટ્રકાર્ય માટે પ્રેરિત કરવાનું કામ રાષ્ટ્ર સેવિકા સમિતિ દ્વારા કરવામાં આવી રહ્યું છે. રાષ્ટ્ર સેવિકા સમિતિના સેક્ટર-૩ ખાતે પ્રશિક્ષણ આપવામાં આવ્યુ હતુ. પાંચ દિવસના પ્રશિક્ષણ વર્ગના સમાપને તમામ મહિલાઓએ રાષ્ટ્રકાર્યમાં પોતાનું યોગદાન આપવાનો સંકલ્પ લીધો હતો અને ધ્યેય પ્રાપ્તિ માટે સતત કાર્યરત રહેવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. ઉલ્લેખનીય છે કે મહિલાઓને પ્રશિક્ષણ વર્ગમાં શારિરિક અને બૌદ્ધિક ક્ષમતા કેળવવા સાથે આત્મવિશ્વાસ જાળવવાની તાલીમ આપવામાં આવી હતી.

# ગાંધીનગર જિલ્લામાં ૧૬ પી.આઈ.ની આંતરીક બદલી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં ૧૬ પી.આઈ.ની આંતરીક બદલીનો હૂકમ કર્યો છે. થોડા સમય પહેલા રાજયના ૩૦૦થી વધુ પીએસઆઈને પીઆઈ તરીકે બઢતી સાથે બદલીના આદેશ કરાયા હતા. જેમાં ગાંધીનગર શહેરને ૧૧ જેટલા નવા પીઆઈ મળ્યા હતા. જેને પગલે હવે જિલ્લા પોલીસ વડાએ ૧૬ પીઆઈની આંતરીક બદલી કરી છે. જેમાં એલસીબી-૧ અને માણસા પોલીસમથક ચાર્જમાં રાખવામાં આવ્યા છે. જ્યારે એલસીબી-૨માં કોઈની નિમણુંક કરવામાં ન આવતાં પોલીસ બેડામાં ચર્ચા જગાવી છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૬ પીઆઈની આંતરીક બદલી કરવામાં આવી છે. જેમાં માણસા ખાતે ફરજ બજાવતા પી.જે. પટેલને સે. ૭ ફર્સ્ટ પી.આઈ. તરીકે, કંટ્રોલ રૂમમાં ફરજ બજાવતા જે.એ. પ્રજાપતિને લીવ રિઝર્વ અને માણસાનો ચાર્જ, એસ.ઓ.જી.માં ફરજ બજાવતા જે.જી. વાઘેલાને લીવ રિઝર્વ અને એલ.સી.બી.-૧નો ચાર્જ, સી.પી.આઈ. કે.એન. રાઠવાને સે. ૨૧ ફર્સ્ટ પી.આઈ. તરીકે મુકવામાં આવ્યા છે. જ્યારે સે. ૭ સેકન્ડ પીઆઈ ડી.જી. તડવીને સી.પી.આઈ., લીવ રિઝર્વ જે.એચ. સિંઘવને સેકન્ડ પી.આઈ. ઈન્ફોસીટી, લીવ રિઝર્વ એસ.બી. નિનામાને સચિવાલય સંકુલ, લીવ રીઝર્વમાં પી.પી. વાઘેલાને સેકન્ડ પી.આઈ. સે. ૭ તરીકે, લીવ રિઝર્વ એચ.એ. જાડેજાને સેકન્ડ પી.આઈ. દહેગામ, લીવ રિઝર્વ વી.વી. ત્રિવેદીને એલ.આઈ.બી. જ્યારે ડી.બી. વાળાને એસ.ઓ.જી., એ.જે. ચૌહાણને સેકન્ડ પી.આઈ. ચિલોડા, આઈ.એમ. ટુંડકને રીડર શાખા, એસ.એસ. પવારને કલોલ તાલુકા પી.આઈ., આર.બી. કટારાને સેકન્ડ પી.આઈ. અડાલજ તરીકે જ્યારે ઓ.બી. મજગુલને સેકન્ડ પી.આઈ. કલોલ શહેર તરીકે મુકવામાં આવ્યા છે.




અમદાવાદ શહેરના ઈસનપુરમાં સ્થાનિક રહીશોએ મહા વાવાઝાડોને શાંત કરવાને લઈને ખાસ રામધૂનનું આયોજન કર્યું હતું.

# ભગવાન બારડને ધારાસભ્ય પદ પર જારી રખાતા રાહત

અમદાવાદ, તા. ૬

તાલાલા બેઠક પરથી કોંગ્રેસના ભગા બારડનું ધારાસભ્ય પદ આજે વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ બહાલ રાખતાં બારડને બહુ મોટી રાહત મળી હતી. તો સાથે સાથે વિધાનસભા અધ્યક્ષના આ નિર્ણયને લઈ કોંગ્રેસને પણ ઘણી મોટી રાહત મળી હતી. આ સાથે જ વિધાનસભામાં કોંગ્રેસનું સંખ્યાબળ વધ્યું છે. ગત માર્ચ મહિનામાં વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ તાલાલાથી કોંગ્રેસના ધારાસભ્ય ભગા બારડને સસ્પેન્ડ કર્યા હતા. પરંતુ આ મામલે કોર્ટે કોંગ્રેસના ધારાસભ્યને મોટી રાહત આપી હતી અને તેમના ધારાસભ્ય પદને યથાવત રાખવાનો નિર્ણય આપ્યો હતો. જેને પગલે તેઓ વિધાનસભા અધ્યક્ષ મળ્યા હતા અને ધારાસભ્યપદે યથાવત હોવાનો લેટર મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભગવાન બારડ તાલાલા બેઠક પરથી કોંગ્રેસમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. અગાઉ તા.૧ માર્ચના રોજ સુત્રાપાડા કોર્ટે ભગવાન બારડને ૧૯૯૫ના ખનીજ ચોરીના કેસમાં બે વર્ષ ૯ માસની સજા ફટકારી હતી. લગભગ ૨૫ વર્ષ પહેલા સુત્રાપાડાની ગૌચર જમીન મામલે બારડ સામે રૂ.૨.૮૩ કરોડની ખનીજ ચોરીનો ગુનો નોંધાયો હતો. સજાના આ હુકમ બાદ વિધાનસભા અધ્યક્ષ દવારા ભગા બારડને ધારાસભ્યપદેથી સસ્પેન્ડ કરાયા હતા. ખનીજ ચોરી મામલે ભગવાન બારડને ધારાસભ્યપદેથી સસ્પેન્ડ કરાતા તેઓ છ વર્ષ સુધી કોઈપણ ચૂંટણી લડી ન શકે તેવી સ્થિતિ ઊભી થઈ હતી. જો કે, મામલો હાઈકોર્ટ સુધી પહોંચતા તેમને રાહત મળી હતી. જૂલાઈમાં પૂર્વ ધારાસભ્ય ભગા બારડની સજા પર હાઈકોર્ટે સ્ટે ફરમાવ્યો હતો. વેરાવળ સેશન્સ કોર્ટે બારડની સજા પર સ્ટે નહીં આપવા માટે રજૂ કરેલા કારણો અયોગ્ય હોવાનું તારણ હાઈકોર્ટે રજૂ કર્યુ હતું.

સેશન્સ કોર્ટે શા માટે સજા પર સ્ટે નથી આપ્યો તે અંગે હાઈકોર્ટે સેશન્સ કોર્ટ પાસેથી જવાબ માંગ્યો હતો. કોર્ટે રજૂ કરેલા જવાબને હાઈકોર્ટે સંતોષજનક ગણાવ્યા નહીં અને ભગા બારડની સજા પર સ્ટે ફરમાવી દીધો હતો. બારડને ખનીજ ચોરીના કેસમાં ૨ વર્ષ, ૯ મહિનાની સજા ફટકારી હતી.

# વિચરતી જાતિઓની વેરાન જિંદગીમાં નવા રંગ ભરાશે

**મુખ્યમંત્રીના આવાસે ચર્ચા કરવા માટે આમંત્રણ**

ગાંધીનગર,તા.૬

સંવેદનશીલ સરકારનો નારો આપનારા ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા પ્રજાજનો સાથે સીધા સંવાદનો કાર્યક્રમ 'મોકળા મને' ખૂબ આવકાર પામ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત સમાજના વિવિધ વર્ગના લોકો દર મહિને મુખ્યમંત્રી સાથે સંવાદ કરે છે. આ મહિને ૭ નવેમ્બર, ૨૦૧૯ના રોજ રાજ્યના 'વિચરતી વિમુક્ત જાતિ' મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે રૂબરૂ મુલાકાત કરશે. સદીઓથી આપણે ત્યાં વાદી-મદારીઓની જિંદગી સાપના ખેલ બતાવવાની રહી હતી. સાપ પકડો, ખેલ કરો, જે મળે તે ખાઓ અને ફરતાં રહો. વન્ય જીવો પર થતાં અત્યાચારને રોકવા માટે સરકારે પ્રતિબંધ લગાવ્યો અને વાદીઓની જિંદગીમાં અંધારું થઈ ગયું. પરંતુ સરકારે વિચરતી જાતિ શિક્ષિત બની પગભર થાય, તેમજ આર્થિક અને સામાજિક વિકાસ થાય તે હેતુથી વિચરતી વિમુક્ત જાતિ નિગમ શરૂ કરાયું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા 'મોકળા મને' કાર્યક્રમ શ્રેણીના ચોથા કાર્યક્રમનું આયોજન વિચરતી વિમુક્ત જાતિ સાથે તા. ૦૭ નવેમ્બર ૨૦૧૯ના રોજ મુખ્યમંત્રીના નિવાસસ્થાને કરવામાં આવ્યું છે.

સંવેદનશીલ સરકાર દ્વારા વિચરતી જાતિની વિશેષ તકેદારી રાખી શકાય તે માટે વિચરતી જાતિના આગેવાનો સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણી ચર્ચા કરશે. જે વિચરતી જાતિઓએ સરકારની સહાયમાંથી સ્વયંનો અને સમાજનો વિકાસ કર્યો હોય અને સમાજનો વિકાસ કરવા માંગતા હોય તેમને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ખાતરી સમિતિ ૧૩મીથી સાપુતારા પ્રવાસે

રાજ્ય સરકારે આપેલી ખાતરીઓ સંદર્ભે ગુજરાત વિધાનસભા દ્વારા રચાયેલી ખાતરી સમિતિનો આગામી તા. ૧૩ થી ૧૫ નવેમ્બર ૨૦૧૯ના રોજ ત્રણ દિવસ માટે ઉદ્યોગ અને ખાણ વિભાગ-પ્રવાસન પ્રભાગ હસ્તકના ડાંગના સાપુતારા ખાતેનો નિરિક્ષણ અને સ્થળ અભ્યાસ પ્રવાસ કરશે, એમ ગુજરાત વિધાનસભા, સચિવાલયની યાદીમાં જણાવાયું છે. સમિતિ તા.૧૩મી નવેમ્બરે બપોરે ૪.૦૦ કલાકે ગાંધીનગરથી નિકળી સુરત જવા રવાના થશે અને ત્યાં રાત્રિ રોકાણ કરશે. આ સમિતિ તા.૧૪મી નવેમ્બરે સવારે ૯.૦૦ કલાકે નીકળી, ગિરા ધોધ, વઘઈ થઈને સાપુતારા જવા રવાના થશે. સાપુતારા ખાતે પ્રવાસન સ્થળોના વિકાસ કામોની મુલાકાત, ખાતરી અંગેની તપાસ, અધિકારીઓ સાથે જરૂરી ચર્ચા કરી રાત્રિ રોકાણ કરશે. આ ઉપરાંત તા.૧૫ નવેમ્બરના રોજ સવારે ૮.૦૦ કલાકે સમિતિ શબરીધામ જવા રવાના થશે. જ્યાં શબરીધામ અને પંપા સરોવરની મુલાકાત લેશે. આ સમિતિ ત્યારબાદ ગાંધીનગર આવવા રવાના થશે, એમ વધુમાં જણાવાયું છે.

# સ્વામિનારાયણના સંતનું સંપૂર્ણ જીવન જન કલ્યાણમાં સમર્પિત

અમદાવાદ,તા.૬

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું છે કે સ્વામિનાયરાણ સંપ્રદાય દ્વારા ભારતીય સંસ્કૃત્તિની પરંપરાને જીવંત રાખવા સાથે સમગ્ર માનવજાત અને જીવમાત્રના કલ્યાણ માટે આધ્યાત્મિક માર્ગ પર સેવા કાર્યો થઈ રહ્યા છે. રાજ્યપાલએ સ્વામિનારાયણ સંપ્રદાયનો ઉદભવ ગુજરાતની ધરતી ઉપર થયો હતો, સ્વામિનારાયણ સંપ્રદાય આજે સમગ્ર વિશ્વમાં ફેલાયેલો છે. તેની પાછળ સંતોની અપાર મહેનત, ત્યાગ અને તપસ્યા છે તેમ તેમણે ઉમેર્યુ હતું. સ્વામિનારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ તીર્થસ્થાન વડતાલ ખાતે વચનામૃત દ્વિતાબ્દિ મહોત્સવ



અને કાર્તિકી સમૈયામાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સહભાગી થયા હતા. રાજ્યપાલના હસ્તે જ્ઞાનબાગના માધ્યમથી ''વચનામૃત'' ગ્રંથના અંગ્રેજી સંસ્કારણનું વિમોચન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલએ વડતાલધામ ખાતે સ્વામિનારાયણ મંદિરમાં ભક્તિભાવ પૂર્વક હરિકૃષ્ણ મહારાજના દર્શન – અર્ચન કરી ગૌ શાળા ખાતે ગૌ માતાનું પૂજન કર્યુ હતું. રાજ્યપાલએ ઉમેર્યુ કે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ પોતાનું સંપૂર્ણ જીવન માનવમાત્રના કલ્યાણ માટે સમર્પિત કર્યુ છે. રાજ્યપાલએ ઉમેર્યુ કે ધર્મ જીવનનું અભિન્ન અંગ છે, સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ જીવન જીવવાના સંવિધાન તરીકે આજથી ૨૦૦ વર્ષ પહેલા ભગવાન સ્વામિનારાયણ દ્વારા લિખિત વચનામૃત ગ્રંથને વેદ-ઉપનિષદ, દર્શનશાસ્ત્રો , ગીતા, રામાયણ, મહાભારત જેવા ગ્રંથોના ઉપદેશની વાતો જનમાનસ સુધી સરળ ભાષામાં પહોંચાડવા વચનામૃતની રચના કરી હતી.


KALPA-TARU®
POWER TRANSMISSION LIMITED

**Registered Office :** Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028 **CIN :** L40100GJ1981PLC004281
**Tel No:** +91 79 2321 4000 **Fax :** +91 79 2321 1966 **E Mail :** cs@kalpatarupower.com

**Extract of Unaudited Financial Results for the Quarter and Half Year Ended September 30, 2019**

(₹ in Crores)

| Sr. No. | Particulars | Standalone | | | | | Consolidated | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended | | Half Year Ended | | Year Ended (Audited) | Quarter Ended | | Half Year Ended | | Year Ended (Audited) |
| | | September 30, 2019 | September 30, 2018 | September 30, 2019 | September 30, 2018 | March 31, 2019 | September 30, 2019 | September 30, 2018 | September 30, 2019 | September 30, 2018 | March 31, 2019 |
| 1 | Total Income from Operations | 1,967 | 1,574 | 3,622 | 2,899 | 7,115 | 3,216 | 2,485 | 5,987 | 4,569 | 10,840 |
| 2 | Net Profit for the period (before tax, exceptional and / or extraordinary items) | 161 | 140 | 303 | 264 | 624 | 213 | 182 | 381 | 318 | 761 |
| 3 | Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items) | 161 | 140 | 303 | 264 | 624 | 213 | 182 | 381 | 318 | 761 |
| 4 | Net Profit for the period (after tax, exceptional and / or extraordinary items) | 127 | 91 | 219 | 172 | 401 | 137 | 118 | 244 | 207 | 487 |
| 5 | Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 115 | 88 | 205 | 164 | 421 | 120 | 120 | 223 | 207 | 513 |
| 6 | Equity Share Capital (Face Value of ₹ 2 each) | 31 | 31 | 31 | 31 | 31 | 31 | 31 | 31 | 31 | 31 |
| 7 | Other Equity (excluding Revaluation Reserve) | | | | | 3,121 | | | | | 3,089 |
| 8 | Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | | | | | | | | |
| | a) Basic | 8.26 | 5.95 | 14.24 | 11.24 | 26.15 | 8.58 | 7.42 | 15.08 | 12.90 | 30.42 |
| | b) Diluted | 8.26 | 5.95 | 14.24 | 11.24 | 26.15 | 8.58 | 7.42 | 15.08 | 12.90 | 30.42 |

**Notes :**
1. The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website **www.kalpatarupower.com**
2. The Group has adopted Ind AS 116 "Leases" with effect from April 1, 2019, with a modified retrospective approach. The cumulative effect of initial application of Ind AS 116, has been adjusted in opening retained earnings on the date of application i.e. April 1, 2019, which is not material, as permitted by standard. Similar impact on the financial results of the quarter and half year ended September 30, 2019 is also not material.
3. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on November 06,2019. The same have also been subjected to Limited Review by the Statutory Auditors.
4. During the current quarter, the Company has entered into binding agreement with CLP India Private Limited to sell its stake in 3 (Three) power transmission assets namely, Kalpataru Satpura Transco Private Limited (KSTPL), Alipurduar Transmission Limited (ATL) and Kohima Mariani Transmission Limited (KMTL) (Referred to as SPVs) for an estimated enterprise value of ₹ 3,275 crores. The transaction is subject to requisite approvals and compliances.
5. On April 29, 2019, the Company's wholly owned subsidiary, Kalpataru Power Transmission Sweden AB had acquired 85% stake in Linjemontage I Grastorp AB (LMG Sweden).
6. During the quarter ended September 30, 2019, the Company has acquired 19.94% stake in Shree Shubham Logistics Limited (SSL) from Tano India Private Equity Fund II, for a consideration of ₹ 64.66 crores. The consideration is paid through a non-cash equity swap transaction, in which 12,54,900 equity shares of the Company were issued at the value of ₹ 515.25 per share.
7. The previous period's / year's figures have been regrouped/ rearranged wherever considered necessary.

**For and on behalf of the Board of Directors**

**Manish Mohnot**
**Managing Director & CEO**
**DIN:01229696**

**Place : Mumbai**
**Date : November 06, 2019**

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:
a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.
b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with cs@kalpatarupower.com quoting your name and folio number.